ISSN: 2319-202X

# વિચારણાનું શિક્ષણ : સ્વરૂપ, જરૂરિયાત અને પડકારો

**ડૉ. નીલેશ એસ. પંડ્યા**
આસીસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
Mo. 9426337432 Email : shrinile1978@gmail.com

## વિચારણા અને શિક્ષણ : ભૂમિકા

મનુષ્ય એ વિચારશીલ પ્રાણી છે આવું આપણે અવારનવાર સાંભળીએ છીએ. મનુષ્ય એ કરેલી પ્રગતિ આ વાતને સમર્થન આપે છે. મનુષ્ય જે કાંઈ ક્રિયા કરે છે તેની પાછળ કોઈક ને કોઈક વિચાર હોય છે. આ વિચારથી મનુષ્ય સભાન ન હોય તેવું બની શકે પરંતુ વિચાર હોય છે તે વાત નક્કી છે. જ્યારે માણસ કોઈ વિચાર કરે છે અને પછી તેને સાકાર કરવા કોઈક ક્રિયા કરે છે ત્યારે તે વિચારપૂર્વકની ક્રિયા કહેવાય. માણસ કોઈક ક્રિયા કરે છે પરંતુ તે શા માટે કરે છે તેની તેને ખબર નથી તો તે વિચારની સભાનતા વગર કરેલી ક્રિયા કહેવાય. જ્યારે વિચારનું સ્થાન કોઈ આવેગ લઈ લે છે ત્યારે તે ક્રિયા આવેગાધિન કે વિચારની અનુપસ્થિતિમાં કરેલી ક્રિયા કહી શકાય. માણસ જ્યારે એમ વિચારે કે આ ક્રિયા કરવાનો વિચાર શા માટે આવ્યો ત્યારે તે વિચાર ચિંતનનું રૂપ ધારણ કરે છે. આ વિચારની પ્રક્રિયા ચક્રીય બને અને તેને વધારે પરિસ્કૃત કરવા મનોવ્યાયામ કરવામાં આવે તેને મનન કહી શકાય. પરંતુ કોઈ વિચાર શું છે અને તે કઈ રીતે આવ્યો તેના મૂળ સુધી પહોંચવાની મથામણને અનુચિંતન અથવા વિચાર પરનો વિચાર કહી શકાય. આ વિચારના બહુરૂપને સમજવા આપણે યત્ન કરીએ તો શિક્ષણની ક્રિયાને વધારે ફળદાયી બનાવી શકાય. મનુષ્યનો વિકાસનું મૂળભૂત કારણો પૈકીનું એક કારણ તેની વિચારશક્તિ છે. આ વિચારની ક્રિયા એ એક પ્રકારનું કૌશલ પણ છે અને કળા પણ છે. બંને સ્થિતિમાં આપણે તેને આત્મસાત કરી શકીએ છીએ. આ કાર્ય જો શાળાના વર્ગોમાં થાય તો વિષયશિક્ષણનું કાર્ય બહુધા સરળ બની જાય. અહીં એ પ્રશ્ન થાય કે ખરેખર શીખવવાનું શું છે વિષય કે વિષયોના માધ્યમથી વિચાર કરવાની વિવિધ શૈલીઓ. આપણને વૃક્ષ દેખાય છે તેનું થડ દેખાય છે અને એમ માની લેવાની ભૂલ કરીએ કે થડને કારણે વૃક્ષ ઉભું રહ્યું છે. વાસ્તવમાં વૃક્ષને ઉભા રહેવામાં મૂળની ભૂમિકા મહત્ત્વની છે. આથી શિક્ષણપ્રક્રિયામાં પણ વ્યક્તિના વિકાસને વિષયો સાથે જોડીએ છીએ પરંતુ

ISSN: 2319-202X

વિષયોના શિક્ષણના પરિણામે વ્યક્તિમાં જે વિચારશક્તિની ખીલવણી થાય છે તે વિકાસનું સાચું સ્વરૂપ છે. વિદ્યાર્થીઓને વિચાર કરવાની કળા કઈ રીતે હસ્તગત કરાવી શકાય ? તે મહત્ત્વનો પ્રશ્ન છે. અહીં આપણે એવા કેટલાંક મુદ્દાઓ પણ વિચાર કરીએ કે વિચારનું શિક્ષણ શા માટે જરૂરી છે.

૧. તંદુરસ્ત સમાજના નિર્માણ માટે વિચારણા જરૂરી છે.

૨. કઈ રીતે શીખવું તે શીખવું તે આજીવન શિક્ષણની ચાવી છે.

૩. વિચારણાથી સંકેતીકરણ અને વિસંકેતીકરણ ક્ષમતા વધે છે જે વાંચન અને લેખનમાં આવશ્યક છે.

૪. વિચારણાની કસોટી પરીક્ષામાં થાય છે.

શાળાકક્ષાએ વિચારણાનું અલાયદું શિક્ષણ જોવા મળતું નથી. વિચારણા શીખવવા માટે વિશિષ્ટ પ્રયાસો થવા જોઈએ તે પ્રકારનો વિચાર બહુ થયો નથી. વિચારણાનું શિક્ષણ શાળાકક્ષાએ થવું જોઈએ તે સંદર્ભે નીચેના મુદ્દાઓને અનુલક્ષીને વિચાર કરવો ઘટે.

## ૧. તંદુરસ્ત સમાજના નિર્માણ માટે વિચારણા જરૂરી છે.

વ્યક્તિઓ, પરિવારો, સંસ્થાઓ અને સમુદ્દાયો મોટેભાગે નબળી વિચારણાના આધારે લેવાયેલા નિર્ણયોના કારણે ઘણું બધું સહન કરતા હોય છે. પૂર્વગ્રહયુક્ત નિર્ણયો, અતાર્કિક વર્તનો, સંકુચિત અથવા સંકિર્ણ દ્દષ્ટિકોણ અને બિનચકાસાયેલા મૂલ્યોના આધારે આપણે વર્તનો અને નિર્ણયો કરતા હોઈએ છીએ. યુવાનોને જો પરિપક્વ વિચારણા કરતા શીખવવામાં આવે, પ્રશ્નો પૂછતા શીખવવામાં આવે, સમસ્યાઓની વ્યાખ્યા કરતા શીખવવામાં આવે, એકબીજા સાથે સન્માનયુક્ત વાતચીત કરતા શીખવવામાં આવે અને સાથે મળીને વિચાર કરતા શીખવી શકાય તો સમાજમાંથી ઘણી ખરી સમસ્યાઓને દૂર કરી શકાય. પૂર્વગ્રહો, અપરિપક્વ નિર્ણયોના કારણે ઘણીબધી વાર બિજજરૂરી સંઘર્ષોનું નિર્માણ કરે છે. કેટલાંક સમાજો એવું પણ ઈચ્છતા હોય કે તેમના નાગરિકો વિચારે નહીં અથવા આજ્ઞાંકીત બની રહે. પરંતુ આ બાબત તંદુરસ્ત સમાજની નિશાની નથી.

## ૨. કઈ રીતે શીખવું તે શીખવું તે આજીવન શિક્ષણની ચાવી છે.

શાળાકક્ષાનું શિક્ષણ કે જેને આપણે ભણતર તરીકે ઓળખીએ છીએ તેનો પ્રમુખ ઉદ્દેશ તે શીખવું કઈ રીતે તે શીખવાનો છે. આ પ્રકારની ક્ષમતા ન

કેળવાય ત્યાં સુધી સ્વાયત વિચાર કરતા વ્યક્તિઓ કે અધ્યેતાઓનું નિર્માણ શક્ય નથી.

શીખવાની કળાનું શિક્ષણ એ પ્રશ્નો પૂછવાનું, કારણો આપવાનું, માહિતીને ગોઠવવાનું અને સંકલ્પનાઓને સમજવાનું શીખવે છે. આ બધાં વૈચારિક કૌશલો છે. આ કૌશલો સામાન્યીકરણ કરવાનું, અપવાદો શોધવાનું, પડકારોની ધારણા કરવાનું, માહિતીની પુન:ગોઠવણી અને અનુમાન કરવાનું શીખવે છે. અત્યારનું જગત બહુ ઝડપથી બદલાઈ રહ્યું છે તેથી શીખવાની ક્ષમતા, અનુકૂલનની કળા અને પોતાના નિર્ણયો કરવા અને તેને લાગુ કરવાની આવડત સમયની માંગ છે.

**૩. વિચારણાથી સંકેતીકરણ અને વિસંકેતીકરણ ક્ષમતા વધે છે જે વાંચન અને લેખનમાં આવશ્યક છે.**

કેટલાંક વિચારકો વિચારના શિક્ષણનો વિરોધ કરે છે. તે માટે તેઓ ઘણાં કારણો પણ આગળ ધરે છે. તેમાં તેઓ એમ પણ કહે છે કે અન્ય વિષયો શીખવામાં વિચારણાનો પણ આપોઆપ વિકાસ થઈ જાય છે. વિચારણા કરતા શીખવવા કરતા પણ શાળામાં બીજું વધારે મહત્ત્વનું શીખવવાનું પણ હોય છે. જેમ કે અક્ષરજ્ઞાન અને ગણન. પરંતુ શાળામાં બાળકોને માત્ર એટલાં માટે જ નથી મોકલવાના કે તેઓ મૂળાક્ષરો, શબ્દો અને અંકનું જ્ઞાન મેળવી લે. પરંતુ વાસ્તવમાં બાળકોને તેમના અનુભવજગતના વિવિધ સંકેતો જેવાં કે ચિત્રો, નકશાઓ, નમૂનાઓ વગેરેને ઉકેલતા શીખવાનું હોય છે. આમ કરવાથી બાળકોમાં આપોઆપ જ તેઓ શાળા અભિમુખ બને છે અને કઈ રીતે શીખવું તે પ્રક્રિયાને આત્મસાત કરી લે છે.

**૪. વિચારણાની કસોટી પરીક્ષામાં થાય છે.**

શાળાકક્ષાએ વિચાર કરતા ન શીખવવું જોઈએ તેના સમર્થનમાં એવી દલીલ કરવામાં આવે છે કે શાળામાં આ માટે પર્યાપ્ત સમય હોતો નથી. શાળાનો અભ્યાસક્રમ જ્યારે વિષયવસ્તુના ભારથી લદાયેલો હોય ત્યારે આમ બનવું સ્વાભાવિક છે. વિદ્યાર્થીઓ માહિતી અને સ્મૃતિના ભારથી દબાયેલા હોય છે. અને તેનાથી આગળ પરીક્ષામાં સારા ગુણ લાવવાનું દબાણ તો ખરું જ. પરીક્ષાના પ્રશ્નોનો જો ઝીણવટથી અભ્યાસ કરવામાં આવે તો માહિતી અને તથ્યો પૂછવામાં આવે છે જે ઓછા ગુણના પ્રશ્નો હોય છે. જ્યારે જે પ્રશ્નોના ઉત્તર આપવામાં તર્ક, સ્પષ્ટીકરણ, તુલના અને વિરોધાભાસ સ્પષ્ટ કરવાનો હોય છે તેના ગુણ

પ્રમાણમાં વધારે હોય છે. ક્યારેક એવું પણ બને છે કે પ્રશ્નપત્રમાં પ્રશ્નની રચના યોગ્ય ન હોય તો વૈચારિક કૌશલોની ઝાઝી આવશ્યકતા ન રહે. પરંતુ પ્રશ્નો યોગ્ય ઢબે પૂછાયા હોય તો વિદ્યાર્થીઓના વૈચારિક કૌશલોની કસોટી અવશ્ય થાય છે. આથી આ વૈચારિક કૌશલો પડદા પાછળ રહીને વિદ્યાર્થીઓને પ્રશ્નોના જવાબ આપવામાં બળ પૂરું પાડતાં હોય છે.

**વિચારણાના પ્રકારો**

કેટલાંક તજજ્ઞો એમ સૂચવે છે કે વિચારણાના કારણે લોકોના મનોઝોકનો વિકાસ થાય છે જેના કારણે વ્યક્તિઓ વધારે જિજ્ઞાસુ, વ્યુહાત્મક, વિવૃત્ત મનવાળા બને છે અને મૂલ્યાંકન કરી શકે છે. અન્ય કેટલાંક તજજ્ઞો કૌશલ પર ભાર મૂકે છે. જેમ કે જરૂરી અને પ્રસ્તુત માહિતી શોધી કાઢવી, તુલના કરવી, સંશ્લેષ્ાણ કરવું અને સમજ મેળવવી. બેન્જામીન બ્લૂમ ઉચ્ચ વૈચારિક વિચાર પર ભાર મૂકે છે. જ્યારે મેથ્યુ લીપમેન સમીક્ષાત્મક, સર્જનાત્મક અને સંવેદનાત્મક વિચારણાને ઉત્તેજન આપે છે.

ઉપરોકત તમામ વૈચારિક શાખાઓના આધારે આપણને વિચારણા વિશેની જે સામાન્ય માર્ગદર્શિકા પ્રાપ્ત થાય છે તેના પર વિચાર કરીએ.

**લવચિક, અંત:સૂઝયુક્ત અને રચનાત્મક વિચારણાનું સ્વરૂપ**

વ્યક્તિની રચનાત્મક વિચારણા બહુ ઉપયોગી બની શકતી નથી જો તે વિચારણામાં લવચિકતાનું તત્વ ન હોય. તેવું અંત:સૂઝયુક્ત વિચારણાનું છે જો તે રચનાત્મક કે ઉત્પાદકીય નહીં હોય તો તે પણ અર્થપૂર્ણ બનતી નથી. આમ, સારી વિચારણામાં આ ત્રણેય લક્ષણોનો સમન્વય થાય તે જરૂરી છે. આના પરિણામે વિચારણાનો વ્યાપ અને ઊંડાણ બંને પ્રાપ્ત કરી શકાય છે.

મનોવૈજ્ઞાનિક પરિભાષામાં સમજવાનો પ્રયાસ કરીએ તો વિચારણાના શિક્ષણને વિદ્યાર્થીઓની વિચાર પરની સભાનતા અને તેમની બોધાત્મક પ્રક્રિયાઓના વ્યવસ્થાપન સાથે નિસબત છે. જાણવાના મુખ્ય ત્રણ સ્તર છે જેમાં જાણવાની પ્રક્રિયાને સમજવી જરૂરી છે. તને સમજવાથી જાણવાની પ્રક્રિયાનું મૂલ્ય માટેનો પાયો તૈયાર થાય છે. તેના કારણે વિદ્યાર્થી એમ સમજી શકે છે કે જાણવાના કૌશલો શીખવા અને તેનો ઉપયોગ કરવો બહુ જરૂરી છે. આ કૌશલોમાં પૃચ્છા કરવી, વિશ્લેષણ કરવું, અનુમાન કરવું અને દાવો કરવો અને દલીલ કરવી વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારની સમજને વધારે સ્પષ્ટ કરવા આપણે અધ્યયન નીપજના વર્ગીકરણને સમજવું પડે.

ISSN: 2319-202X

આ પ્રકારના વર્ગીકરણ(ટેક્સોનોમી)ને Educere તરીકે ઓળખવામાં આવે છે. આ લેટીન શબ્દના આધારે જ અંગ્રેજીમાં Education શબ્દ ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે To Lead out એટલે કે બહાર લાવવું. આપણે આ જરા જુદી ટેકસોનોમીનો પરિચય મેળવીએ.

| E- Engage | D- Desire | U-Understand |
|---|---|---|
| **ધ્યાન આપવું અને સહકારયુક્ત વિચારણા કરવી જેમાં ,**<br>• શાબ્દિક ક્રિયાઓ જેમાં ભારપૂર્વક કહેવું, પ્રસ્તાવ મૂકવો, નિર્દેશ કરવો, અનુમાન કરવું, ટીકા કરવી<br>• માનસિક ક્રિયાઓ જેમાં ધ્યાન આપવું, ક્રિયાશીલતા દાખવવી અને ઉત્સાહ સાથે એકાગ્રતા જાળવવી.<br>• શારીરિક ક્રિયાઓ જેમાં હકારાત્મક અને રસપ્રદ શારીરિક પ્રતિભાવો આપવાં. | એવી ઈચ્છાઓ અને રુચિ જેમ કે,<br>• જિજ્ઞાસા અને પૃચ્છા<br>• મહત્ત્વના વિચારો અને ક્રિયાઓ પર ચિંતન કરવું.<br>• ગણતરીપૂર્વકનું સાહસ કરવું, જવાબદારી ઉઠાવવી.<br>• સાથે મળીને કામ કરવું સાથે સાથે વ્યક્તિગત પણ કામ કરવું.<br>• નવી સંભાવનાઓનો વિચાર કરવો અને ખુલ્લું મન રાખવું.<br>• લવચિક અને દઢ બનવું.<br>• પોતાની લાગણી અને સંવેગોનું નિયમન કરવું.<br>• વિચારવંત બનવું. | માહિતીને સમજવા માટે :<br>• પ્રસ્તુત માહિતી પ્રાપ્ત કરવી.<br>• સ્પષ્ટતા અને ચોકસાઈનો આગ્રહ રાખવો.<br>• તુલના અને ભેદ કરવો.<br>• વર્ગીકરણ કરવું.<br>• ક્રમાંકન કરવું.<br>• સંબંધો જોડવા.<br>• માહિતીને અસરકારક રીતે પ્રસ્તુત કરવી.<br>• ઊંડી સમજ મેળવવા પ્રયાસરત બનવું.<br>• ગેરસમજોને શોધી કાઢવી. |

| C-Create | E- Enquire | R- Reason | E-Evaluate |
|---|---|---|---|
| નવા વિચારો કરવા માટે :<br>• વિકલ્પો અને | વિષયવસ્તુ માટે પૃચ્છા કરવી.<br>• પ્રસ્તુત પ્રશ્નો | તર્કનો વિકાસ કરવો.<br>• તર્ક આપવો. | કોઈક બાબતનું મૂલ્ય કરવું.<br>• માનાંકો ઉભા |

| | | | |
|---|---|---|---|
| શક્યતાઓને શોધવી.<br>• ઉત્કલ્પનાઓ બનાવવી.<br>• નવું કાર્ય કરવું.<br>• જોડવું અને બનાવવું.<br>• કામચલાઉ રીતે તર્કનો લોપ કરવો.<br>• મૂલ્ય શોધવું.<br>• લવચિક બનીને વિચાર કરવો.<br>• જો આમ હોય તો શું થાય ? તે પ્રકારના પ્રશ્નો પૂછવા. | પૂછવા<br>• સમસ્યાઓની વ્યાખ્યા કરવી.<br>• નીપજોનું અનુમાન કરવું.<br>• તારણોની ચકાસણી કરવી.<br>• ઊંડાણ આપવા વધારે માહિતી શોધવી.<br>• અર્થઘટન કરવું. | • ભાષાનો ચીવટથી પ્રયોગ કરવો.<br>• અનુમાન કરવું અને નિગમનાત્મક વિચાર કરવો.<br>• તર્ક લગાવવો.<br>• ધારણાઓની ચકાસણી કરવી.<br>• યોગ્ય દલીલો રજૂ કરવી. | કરવા<br>• ચોકસાઈની ચકાસણી કરવી.<br>• વધારે સુધારો થઈ શકે તેમ છે કેમ તે જોવું.<br>• પ્રસ્તુતતા અને મહત્ત્વ ચકાસવું.<br>• સીમાચિહ્નો / ધોરણો સ્થાપવા<br>• વિકલ્પો સાથે તુલના કરવી. |

**વિચારશિક્ષણના વિરોધમાં કેટલીક દલીલો :**

વિચારણાના અધ્યાપન વિશે જ્યારે વિચાર કરવામાં આવે ત્યારે તેની પ્રસ્તુતતા અને ઔચિત્ય વિશે ચર્ચા કર્યા સિવાય આ વિચારણા અધૂરી જ ગણાય. અહીં કેટલીક બાબતો જોઈએ.

**૧. વિચાર કૌશલો શીખવવા માટે સમય હોતો નથી.**

શાળાકક્ષાએ કાર્ય કરતા કોઈપણ શિક્ષણ સાથે વાતચીત થાય તો તેમાં એક સર્વસામાન્ય સૂર એવો નીકળે છે કે આ બધું કરવાનો કોઈ સમય જ બચતો નથી. અભ્યાસક્રમમાં અનેકજાતની પ્રવૃત્તિઓ અને અન્ય માહિતીઓ નીભાવવાની હોય છે કે વિચારણાના અધ્યાપન માટે સમય ક્યાથી લાવવો ? પરીક્ષાના પરિણામો અને ગુણ પ્રત્યેનો સમાજ અને સરકારનો વ્યામોહ પણ ચરમસીમાએ હોય છે. વાસ્તવમાં સમયનો અભાવ એ વાસ્તવિક કારણ નથી પરંતુ વાસ્તવિક કારણ પરીક્ષામાં રહેલું છે. આપણે જે રીતે પરીક્ષાઓ લઈએ છીએ કે તેમાં વિચાર કૌશલોનું મહત્ત્વ દબાઈ જાય છે.

**૨. વિચાર કૌશલો કોઈપણ રીતે શીખી શકાય છે, તેના માટેની અલાયદી અધ્યાપન યોજના આવશ્યક નથી.**

શાળામાં વિચાર કૌશલો અલગથી શીખવવા માટેની કોઈ વ્યવસ્થા ન હતી તેમ છતાં અત્યારે જે પુખ્ત વ્યક્તિઓ છે તે પ્રમાણમાં સારી રીતે જ વિચારી જ શકે છે તેવી એક દલીલ સામે આવી શકે છે. જેમ કોઈ પણ ક્ષમતા પછી તે દોડ, લેખન, શ્રવણ કે વિચાર તે તમામને વિશિષ્ટ અધ્યાપનની મદદથી સુધારી જ શકાય છે. પરંતુ અહી પ્રશ્ન અગ્રતાક્રમનો છે. આપણે કઈ માનસિક ક્ષમતાઓને વધારે મહત્ત્વની અને પાયાની ગણીએ છીએ. કઈ ક્ષમતા કોને આશ્રિત છે અને સ્વતંત્ર છે તેની આંતરગૂંથણી જો સમજવામાં આવે તો આ દલીલનું સરળતાથી નિરસન થઈ શકે તેમ છે.

**૩. કોઈપણ વિચાર કૌશલ શીખવતા પહેલાં વાંચન અને લેખનમાં પ્રભુત્વ પ્રાપ્ત કરવું આવશ્યક છે.**

જ્યારે પણ આ પ્રકારના વિચાર શિક્ષણ પર ભાર મૂકવાની વાત આવે ત્યારે સીધો પ્રશ્ન એમ થાય કે તે વાંચન, લેખન અને ગણનના ભોગે તો ન જ કરી શકાય. કેટલાંક બાળકો પ્રાથમિક શિક્ષણ અધૂરું રાખે અથવા પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને અભ્યાસ છોડી દેતા હોય છે. આવી પરિસ્થિતિમાં વિચાર કૌશલની પ્રવૃત્તિઓ સારી રીતે કરી શકતો વિદ્યાર્થી સમયપત્રક વાંચી ન શકે અથવા લખી ન શકે તેવું બની શકે છે. અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન એ આવશ્યકપણે શાળાશિક્ષણનું મહત્ત્વનું લક્ષ્ય છે. તેમ છતાં શાળાકક્ષાના લક્ષ્યાંકો માટે વાંચન, લેખન અને ગણન સહિત વિચારશક્તિ એ વધારે સારું અને અસરકારક સંયોજન હોઈ શકે.

**૪. વિચારણાના કેટલાંક સ્વરૂપો યેન કેન પ્રકારે શીખી શકાય છે.**

સામાન્ય રીતે વિચારણા તર્ક પર આધારિત હોય છે. પરંતુ વિચારણાના કેટલાંક સ્વરૂપો આ પ્રકારની તર્ક પરની પરતંત્રતાનો અસ્વીકાર કરે છે. વિકેન્્િદ્રત વિચારણા કે લેટરલ વિચારણા એ આવા ઉદાહરણ છે. આ પ્રકારની વિચારણા એ સર્જનાત્મક વિચારણા તરફનું પ્રથમ સોપાન છે. આના કારણે લોકો આ પ્રકારના સર્જનાત્મક વિચારોને આવકારી શકે અને પ્રાથમિક દૃષ્ટિએ અતાર્કિકજણાતા વિચારોને સહન કરી શકે. આપણે ત્યાં તાર્કિક વિચારણાને વધારે પડતું મહત્ત્વ આપવામાં આવે છે તેનાથી જરા દૂર ખસીને આ પ્રકારના વિચારને પણ પ્રોત્સાહન આપી શકાય. જીવનમાં આ પ્રકારના અનુભવો ન મળી શકે તો આ ક્ષમતા ન

વિકસે એમ પણ બને. આથી વિચાર શિક્ષણથી આ પ્રકારનો મહાવરો પૂરો પાડી શકાય.

**પ. વિચાર કૌશલોનું સામાન્યીકરણ ન થઈ શકે કારણ કે તે સંદર્ભયુક્ત હોય છે.**

લગભગ તમામ વિદ્યાશાખાઓમાં ભેદ અને સામ્ય કરવાની ક્ષમતાનો સમાવેશ થતો હોય છે. પરંતુ કોઈ ફૂટબોલની મેચમાં બે ગોલ કરવાની તુલના ગણિતના બે સમીકરણ ઉકેલવા સાથે કરવાનું કહેવામાં આવે તેમાં જમીન આસમાનનો તફાવત છે. આથી સામાન્ય કૌશલો શીખવવાને બદલે આપણે વિદ્યાર્થીઓને વિષયો શીખવવા જોઈએ વિચારણાને તેને મેળે ખીલવા દઈએ. દરેક વિષયમાં માત્ર વિષયવસ્તુ જ નહીં પરંતુ શોધની પરંપરા અને વિચારણાનો પ્રકાર પણ વિશિષ્ટ હોય છે. તેનો પણ વિચાર કરવો રહ્યો.

**ઉપસંહાર :**

ઉપરોકત ચર્ચાના સારરૂપે એમ કહી શકાય કે વિચાર કરવાની કળા તે કેળવણીની ચાવી છે. બાળકોને વિચાર કરવાની રીતે શીખવવામાં આવે તો પછી વિષયોની ગાંઠને આપમેળે ઉકેલી શકશે. આમ, બાળકને મહત્ત્વના અધ્યયન કૌશલ શીખવવામાં આવે તો શિક્ષણ પ્રક્રિયા વધારે વેગીલી બની શકે છે. અહીં એક નાનો રમુજી અને માર્મિક પ્રસંગ મૂકીને વાતને વધારે સ્પષ્ટ કરીએ. એક નાના ગામમાં બીમાર વ્યક્તિ વૈદ્યરાજ પાસે જાય છે. વૈદ્યરાજ નિદાન કરીને કેટલી પડિકીઓ બાંધીને કહે છે કે આ પડિકીઓ દિવસમાં ત્રણવાર લેજો. બીમાર વ્યક્તિ ત્રીજા દિવસે વૈદ્યરાજને ફરિયાદ કરે છે કે તબિયતમાં સ્હેજપણ સુધારો જ નથી. વૈદ્યરાજ વિચારમાં પડી જાય છે અને પૂછે છે કે તમે પડિકીઓ તો બરાબર લીધી હતી ને. દર્દી કહે કે હા તમે કહ્યું હતું એમ જ કર્યું છે. વૈદ્યરાજ વિમાસણમાં પડી ગયાં અને કહ્યું એક પડીકી મારી સામે જ લઈ લ્યો. દર્દી કહે ભલે તમે કહો તેમ કરું. દર્દીએ તુર્ત જ પડીકી લીધી અને તેમાની દવા નીચે નાખીને કાગળ ચાવીને ગળી ગયો. વૈદ્યરાજ તરત જ સમજી ગયાં કે કયા ભૂલ થઈ છે. આપણે પણ ક્યારેક આવું જ કરતા હોઈએ છીએ. સત્વને ભૂલીને બાહ્ય ક્રિયાકાંડને વળગી રહીએ છીએ. વાસ્તવમાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિષયવસ્તુના અધ્યયન અધ્યાપન થકી આ જ સિદ્ધ કરવાનું છે પરંતુ કાળક્રમે આપણે વિચારને ગૌણ અને વિષયવસ્તુને મુખ્ય સમજીને કાર્ય કરતા રહીએ છીએ. તો, ચાલો આપણે બાળકોમાં વિચારના શિક્ષણનું વાવેતર કરીએ.